શ્રી કહાનગુરુદેવાય નમઃ શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો નમઃ શ્રી ભગવતીમાતાય નમઃ

# શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ સાનંદ ઉજવે છે...

## શ્રી સીમંધરાદિ દેવ-શાસ્ત્ર-ગુરુની મંગળ પધરામણીનો

**૧૦મો વાર્ષિક ઉત્સવ**



શ્રી સીમંધરસ્વામી






શ્રી કુંદકુંદાચાર્યદેવ




શ્રી સમયસારજી



પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પૂ. બહેનશ્રી ચંપાબેન

# દસમો વાર્ષિક પ્રતિષ્ઠાદિન મહોત્સવ

**શુક્રવાર ૭, જેઠ સુદ ૧ થી મંગળવાર, જેઠ સુદ ૫; વીર સં. ૨૫૫૦**
**(તા. ૭-૬-૨૦૨૪ થી તા. ૧૧-૬-૨૦૨૪)**

વીતરાગી શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ સમર્પિત શુધ્ધાત્મરસિક ભાઈશ્રી/બહેનશ્રી

શાસનનાયક શ્રી મહાવીર ભગવાન પ્રરૂપિત પારમાર્થિક મોક્ષમાર્ગ તથા વિદેહીનાથ શ્રી સીમંધરપ્રભુએ વર્ષાવેલી અધ્યાત્મ અમૃતવર્ષાને ઝીલીને ભરતક્ષેત્રમાં પધારેલા ભગવાન શ્રી કુંદકુંદઆચાર્યદેવે નિજ શુધ્ધાત્મ અનુભવથી, સ્વાનુભૂતિપ્રધાન મોક્ષમાર્ગનો પ્રકાશ કર્યો. પરમકૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું સુવર્ણપુરીની પાવનધરા ઉપર આગમન તથા તત્પશ્ચાત થયેલ મંગલ પરિવર્તન સાથે ભારતવર્ષમાં શુધ્ધ કુંદકુંદઆમ્નાય પ્રભાવનામાં નૂતન યુગનો આરંભ થયો. પૂ. ગુરુદેવશ્રીની અમૃતવાણીના પ્રભાવનાયોગે મુમુક્ષુઓની તત્ત્વપિપાસા દિન-પ્રતિદિન વધતી ચાલી, જેના પ્રતાપે ગામે-ગામ નૂતન દિગંબર જિનમંદિરોની સ્થાપના થઈ. આ જ શૃંખલામાં મંગળકારી પરમતારણહાર સત્ધર્મપ્રકાશક પૂ. ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત સ્વાનુભવવિભુષિત પૂ. બહેનશ્રીબેનના મંગળ આશીષથી તથા અમ ગુરુભક્તોની અંતરંગ ભાવના અને પુનિત પુણ્યોદયના નિમિત્તે શુક્રવાર, જેઠ સુદ ૫; વીર સં. ૨૫૪૧ (તા. ૨૨-૫-૨૦૧૫)ના પાવન દિને 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર'ની સ્થાપના થઈ. આ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ તથા જ્ઞાની ધર્માત્માઓથી શોભિત, ભક્તિભાવથી બનેલું જિનમંદિર સમવસરણ તુલ્ય શોભી રહ્યું છે.

આવા પવિત્ર જિનમંદિરની સુરભિ ગત નવ વર્ષમાં વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓથી તથા હર્ષોલ્લાસપૂર્વક સાધના-આરાધનાપૂર્વક અભિવૃધ્ધિ પામી રહી છે. આ દસમો વાર્ષિક પ્રતિષ્ઠાદિન મહોત્સવનો પાવન અવસર અમારી સાધના-આરાધનાને વિશેષ પ્રાણવંતું કરે એવી મંગળ ભાવના છે. આ અવસરને પૂજન, સ્વાધ્યાય અને ભક્તિભાવથી ઉજવવાની અમારી ભાવના છે. આ નિમિત્તે 'શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝે' પંચદિવસીય કાર્યક્રમનું આયોજન શુક્રવાર, જેઠ સુદ ૧ થી મંગળવાર, જેઠ સુદ ૫; વીર સં. ૨૫૫૦ (તા. ૭-૬-૨૦૨૪ થી તા. ૧૧-૬-૨૦૨૪) સુધી કરેલ છે. પ્રતિષ્ઠાદિનના કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છેઃ

**આપ સૌ શુદ્ધાત્મરસિક મુમુક્ષુઓને આ કાર્યક્રમનો* લાભ લેવાનું અમારું ભાવભીનું હાર્દિક આમંત્રણ છે.**

## શ્રી જિનેન્દ્ર અભિષેક તથા પૂજન

**સવારે***

| | | |
|---|---|---|
| **૬.30 થી ૮.00**<br>શ્રી જિનેન્દ્ર અભિષેક તથા પૂજન | **૮.૧૫ થી ૯.૧૫**<br>પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન | **૯.૧૫ થી ૧૦.00**<br>શ્રી શાસ્ત્ર સ્વાધ્યાય |

**સાંજે***

| | | |
|---|---|---|
| **૭.૧૫ થી ૭.૩૫**<br>શ્રી જિનેન્દ્ર ભક્તિ તથા આરતી | **૭.૩૫ થી ૭.૫૫**<br>પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા | **૮.00 થી ૯.00**<br>શ્રી શાસ્ત્ર સ્વાધ્યાય |

: નિમંત્રક :

**શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝનાં સર્વે ટ્રસ્ટીગણ તથા મુમુક્ષુઓનાં જય જિનેન્દ્ર...**

**૪૭, ચર્ચ રોડ, ધનજીભાઈ મહેતા મેદાનની સામે, વિલે પાર્લા (પ.), મુંબઈ-૪૦૦૦૫૬**

/ParlaJinmandir | +91 96195 04576 | info@parlajinmandir.org | www.parlajinmandir.org | /Parla.Jinmandir | /c/ParlaJinmandir

*Available on Website